REGD NO. MH/MR. SOUTH-63/2009-11 RNI 1565/57

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

# વ્યાપાર

વર્ષ : ૬૨, અંક - ૧૫
બુધવારે અને શનિવારે
મુંબઈ અને રાજકોટથી પ્રકાશિત
તા. ૨૮-૭-૨૦૧૦
વિમાન સરચાર્જ :
ગુજરાત રાજ્યમાં ૫૦ પૈસા
ભારતનાં અન્ય સ્થળોએ ૧ રૂપિયો

http://www.janmabhoominewspapers.com

Vyapar, Mumbai, 28-7-2010 | મુંબઈ, બુધવાર, તા. ૨૮-૭-૨૦૧૦ | બહારગામની આવૃત્તિ ગુરુવાર, તા. ૨૯-૭-૨૦૧૦ | પાનાં ૧૦ : કિંમત રૂ. ૪

## એક ઝલક★

| | | |
|---|---|---|
| ઈન્ડિ. ફૂડ બાસ્કેટ (ડૉલર) | ૭૫.૦૩ | (-૦.૨૮) |
| બ્રેન્ટ ક્રૂડ તેલ (ડૉલર) | ૭૭.૩૦ | (+૦.૧૮) |
| નિફ્ટી | ૯૪૯૬.૮૫ | (-૬.૮૧) |
| હેંગસેંગ | ૨૦૯૫૩.૪૮ | (+૧૧૩.૫૭) |
| એફટીએસઇ | ૫૪૦૭.૮૭ | (+૫૬.૭૫) |
| ડૉલર-રૂ. (રેફ. દર) | ૪૬.૭૬ | (-૦.૧૦) |
| યુરો-રૂ. | ૬૦.૮૦ | (+૦.૧૬) |
| ૧૦૦ યેન-રૂ. | ૫૩.૭૫ | (-૦.૧૬) |
| પાઉન્ડ સ્ટર્લિંગ-રૂ. | ૭૨.૫૭ | (+૦.૦૫) |
| સોનું (ડૉલર/ઔંસ) | ૧૧૮૩.૯૦ | (-૩.૧૦) |

★તા. ૨૭/૭/'૧૦ના રોજ

*તંત્રીસ્થાનેથી*

## અસમંજસ યથાવત્

### અપેક્ષા અનુસારનાં પગલાં : ફુગાવો ઘટશે નહીં

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ વર્ષ ૨૦૧૦-૧૧ની ધિરાણ નીતિની સમીક્ષામાં બધા વર્ગોને સાચવી લેવાનો પ્રયત્ન કર્યો છે. રેપો રેટ ૦.૨૫ ટકા વધારી ૫.૭૫ અને રિવર્સ રેપો રેટ ૦.૫૦ ટકા વધારી ૪.૫૦ ટકા કરવામાં આવ્યો છે. બન્ને વ્યાજ દરમાં વૃદ્ધિ તાત્કાલિક અસરથી અમલમાં આવી છે. નાણાકીય વર્ષ માટે અર્થતંત્રની વૃદ્ધિનો દર ૮ ટકાના અગાઉના અનુમાનથી વધારીને ૮.૫ ટકા, ફુગાવાનો લક્ષ્યાંક ૫.૫ ટકાથી વધારીને ૬ ટકા કરવામાં આવ્યો છે. સારા ચોમાસાના અનુમાન, વૈશ્વિક અર્થતંત્રમાં સુધરી રહેલો ઉત્સાહ, સ્થાનિક ઔદ્યોગિક ઉત્પાદનની વૃદ્ધિ જેવા પરિબળોના

(અનુસંધાન પાનું ૨)

## ધિરાણનીતિ સમીક્ષાનો સારાંશ

- નીતિનો ઝોક : ફુગાવો ઘટાડવો અને તે વધવાનાં ચિહ્નો દેખાતાં જ ડામી દેવાં
- વ્યાજદર : ભાવ, ઉત્પાદન અને નાણાકીય સ્થિરતાને સુસંગત રાખવા
- નાણાં પ્રવાહિતા : વધારાની પ્રવાહિતા સર્જાય નહીં તેની તકેદારી રાખવી
- રેપો દર : ૫.૫૦ ટકાથી વધીને ૫.૭૫ ટકા
- રિવર્સ રેપો દર : ૪ ટકાથી વધીને ૪.૫૦ ટકા
- બૅન્ક રેટ અને સીઆરઆર : ૬ ટકાએ યથાવત્

### શું લાભ થશે ?

- માગ ઘટવાથી ફુગાવો ઘટશે
- વિકાસને વેગ મળે તે પ્રકારે નાણાકીય સ્થિરતા આવશે
- વ્યાજદરમાં ટૂંકા ગાળાની વધઘટ સંકડાશે

# રેપો-રિવર્સ રેપો દર વધ્યા : હાઉસિંગ, ઑટો લોન હમણાં મોંઘી નહીં થાય

## હવે ડિપોઝિટ-લોનના વ્યાજદર વધતા જોવાશે

વિશેષ સંવાદદાતા દ્વારા

મુંબઈ, તા. ૨૭ જુલાઈ

અર્થતંત્રમાં વિકાસ હવે ચિંતાનો વિષય રહ્યો નથી, એવું જણાવી રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાએ આજે તેની નાણાનીતિનું સુકાન ફુગાવાને બળપૂર્વક ડામવાની દિશામાં વાળ્યું હતું.

આના પગલે મધ્યસ્થ બૅન્કે આ વર્ષની ધિરાણનીતિની પ્રથમ ત્રિમાસિક સમીક્ષામાં તેના રેપો દર (રિઝર્વ બૅન્ક દ્વારા બૅન્કોને અપાતા ધિરાણ પરનો વ્યાજદર) ૨૫ ટકા વધારીને ૫.૭૫ ટકા કર્યા હતા. આ સાથે રિવર્સ રેપોના દર (રિઝર્વ બૅન્ક દ્વારા બૅન્કોને ડિપૉઝિટ પર અપાતા વ્યાજના દર) ૦.૫૦ ટકા વધારીને ૪.૫૦ ટકા કર્યા હતા.

રિઝર્વ બૅન્કે ૨૦૦૯ના ઑક્ટોબરથી તેની ઉદાર ધિરાણનીતિમાં સંકોચનની શરૂઆત કરી ત્યારથી અત્યાર સુધીમાં તે આ મુખ્ય દર વધારતી રહી છે. આજના વધારા સાથે રેપો અને દર અને રિવર્સ રેપો દર પ્રત્યેકમાં ૭૫ ટકાનો અને સીઆરઆર (બૅન્કો દ્વારા રિઝર્વ બૅન્કમાં અનામત રાખવામાં આવતી રોકડ રકમ)ના પ્રમાણમાં એક ટકાનો

(અનુસંધાન પાનું ૨)



**ખુશખુશાલ:** સતત વ્યાજદર વધારવા છતાં અર્થતંત્ર ઉપર નાણાં નીતિની અસર ખાસ કંઈ દેખાતી નહોતી. હવે આ અસર ટૂંકમાંજ દેખાવી શરૂ થશે, એવું રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના ગવર્નર ડી. સુબ્બારાવે (વચ્ચે) મંગળવારે મીડિયાને કહ્યું હતું. તસવીરમાં અનુક્રમે ડાબે-જમણે ડેપ્યુટી ગવર્નર શ્યામલા ગોપીનાથ અને સુબીર ગોકર્ણ




### રિઝર્વ બૅન્કે વિકાસને અવરોધવા નહીં, પણ ફુગાવાને ડામવા દર વધાર્યા છે : નાણાપ્રધાન

પીટીઆઈ

નવી દિલ્હી, તા. ૨૭ જુલાઈ

નાણાપ્રધાન પ્રણવ મુખરજીએ આજે જણાવ્યું હતું કે વિકાસને અસર પહોંચાડયા વગર ફુગાવાને ડામવા રિઝર્વ બૅન્કે ટૂંકા ગાળાના ચાવીરૂપ દરો વધાર્યા છે.

સંસદના સંકુલની અંદર સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુખરજીએ જણાવ્યું હતું કે ફુગાવો જે ઘટી રહ્યો છે તે આ નીતિથી વધુ ઘટશે અને આપણને વિકાસને પંથે દોરી જશે એમ હું માનું છું.

તેના પ્રથમ ત્રિમાસિક નાણાકીય પુનઃ સમીક્ષામાં સેન્ટ્રલ બૅન્કે શોર્ટ ટર્મ

(અનુસંધાન પાનું ૨)


## અંદરના પાને...



માન ઈન્ડસ્ટ્રીઝનો ગુજરાતમાં વિકાસ પાનું-૫



હીરાજગતના અહેવાલ પાનું-૭



એરંડાના ભાવમાં મોટી ઊથલપાથલ થતી રહેશે પાનું-૮



જીરુંમાં મોટી તેજીનો પાયો રચાશે પાનું-૧૦


## ૧ જૂનથી ૨૬ જુલાઈ દરમિયાન વરસાદ રાબેતા કરતાં સાત ટકા ઓછો

ન્યૂસ વાયર-૧૮

નવી દિલ્હી, તા. ૨૭ જુલાઇ

દેશભરમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું વરસાદનું પ્રમાણ સંતોષકારક વધુ હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું. જેથી વરસાદની ખાધ ઘટીને ૭ ટકા રહી હતી. આમ છતાં ચોખા પકરતા પૂર્વ અને ઉત્તર પૂર્વ ભારતમાં ડાંગરના એકરેજ ઘટશે. ૧થી ૨૬ જુલાઇના આંકડા પ્રમાણે કુલ વરસાદ સરેરાશ ૩૬૩.૩ મિ.મી. નોંધાયો હતો.

ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૨૨૫.૮ મિ.મી. નોંધાયો છે. જેથી ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ અને હરિયાણામાં માત્ર ૪ ટકાની ખાધ રહી છે.

તાજા આંકડા પ્રમાણે સોયાબીન, કઠોળ પકરતા મધ્ય ભારત જેમાં મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં વાવણીમાં સુધારાલાયક વરસાદ નોંધાયો છે.

પશ્ચિમ બંગાળની ખાડીમાં હવાના લોપ્રેશરને લીધે રવિવારે ૨૧૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ભારતમાં વરસાદ ૧૦ ટકા વધુ નોંધાતા ચોખા, મસાલા, કઠોળ, બાગાયત પાકોમાં સુધારો થયાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.

કોંકણ અને ગોવામાં આગામી ૪૮ કલાકમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ જ્યારે આવતા ૨૪ કલાક દરમિયાન કર્ણાટકના કાંઠાના વિસ્તારો, ઓરિસામાં પણ વ્યાપક વરસાદ થશે.

ગુજરાત-ઓરિસાના અંતરિયાળ વિસ્તારોમાં બુધવાર સુધીમાં વ્યાપક વરસાદની સંભાવના છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજાની મહેર ચાલુ : મોસમનો સરેરાશ ૬૦ ટકા વરસાદ પડી ગયો

અમારા પ્રતિનિધિ તરફથી

રાજકોટ, તા. ૨૭ જુલાઈ

સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજાની મહેર ચાલુ જ છે અને સમગ્ર વિસ્તારનો સરેરાશનો એકંદર ૬૦ ટકા વરસાદ પડી ગયો છે. જોકે રાજકોટ સહિત કેટલાક વિસ્તારોમાં તો મોસમના સરેરાશની લગભગ નજીક જેટલો વરસાદ પડ્યો છે.

રાજકોટમાં આજ સુધીમાં ૧૪ ઈંચ વરસાદ પડી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છ, રાજકોટ, ઝાલાવાડ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં ૧થી ૧૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો અને આ જિલ્લાઓના તમામ ડેમોમાં નવાં પાણીની આવક થઈ હતી.

કચ્છમાં ૨થી ૧૫ ઈંચ જેટલો મુસળધાર વરસાદ પડ્યો હતો અને વરસાદને કારણે કચ્છમાં છ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. ભારત-પાક સરહદે સંખ્યાબંધ ચોકીઓ વિખુટી પડી હતી, જયારે રાજકોટ જિલ્લામાં ૧થી પાંચ ઈંચ વરસાદ પડ્યો હતો. મોરબીમાં ૫ ઈંચ અને માળિયામાં ૪ ઈંચ વરસાદ હતો. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી પંથકમાં ૭ ઈંચ વરસાદ હતો.

જામનગર શહેરમાં ૧૦ ઈંચ વરસાદ પડતાં શહેર જળબંબાકાર બની ગયું હતું. આમરણ-ચોવીસી પંથકનાં ગામો બેટમાં ફેરવાઈ ગયાં હતાં. જુનાગઢ જિલ્લામાં ૧થી ૩ ઈંચ વરસાદ હતો.

## ભાવવધારા મુદ્દે સંસદનાં બંને ગૃહો ધાંધલધમાલ વચ્ચે મુલતવી

નવી દિલ્હી, તા. ૨૭ જુલાઈ,

કેન્દ્ર સરકાર બંને વિપક્ષ વચ્ચે લોકસભા અને રાજ્યસભામાં ભાવવધારા મુદ્દે ઘર્ષણ સજાર્યું હતું અને બંને ગૃહો આજે મુલતવી રહ્યાં હતાં.

અગાઉ મુખ્ય વિપક્ષ ભાજપ સાથે ડાબેરી પક્ષો અને કેટલાક બિનકૉંગી પક્ષો પણ રાંધણગૅસ, કેરોસીન અને ડીઝલના ભાવ વધારાના મુદ્દે લોકસભા અને રાજ્યસભાનાં ગૃહ મોકૂફીના પ્રસ્તાવ પર મતદાન કરાવવા આગ્રહ કર્યો હતો. સરકારે આ પ્રસ્તાવ ફગાવી દેતાં સર્જાયેલ ધાંધલધમાલ વચ્ચે બંને ગૃહો મોકૂફ રાખવાની ફરજ પડી હતી. કેન્દ્ર સરકારને ટેકો આપતા સમાજવાદી પક્ષ,

(અનુસંધાન પાનું ૨)

Advt.


## સ્વર્ણિમ યાત્રા

વ્યાપાર

શનિવાર, તા. ૩૧-૭-'૧૦ના અંકમાં વાંચો

### ઉદ્યોગજગતના ધ્રુવતારકો

#### 'અરવિંદ'ને દોડાવી રહ્યા છે સંજય લાલભાઈ

અમદાવાદના કાપડ ઉદ્યોગના પિતામહ કસ્તુરભાઈ લાલભાઈએ કાપડ મિલોની શૃંખલા ઊભી કરી હતી. તેમાંની એક અરવિંદ મિલ્સનું સંચાલન કરી રહ્યા છે તેમના પ્રપૌત્ર સંજય લાલભાઈ. વાંચો મુશ્કેલીઓ વચ્ચેથી માર્ગ કાઢનારા સંજયભાઈની ભાવિ યોજનાઓ.

#### કચ્છની માટીમાંથી સોનું પેદા કરનાર – 'આશાપુરા'

કચ્છમાં બેન્ટોનાઇટ (મગમાટી)નો ખજાનો ૨૫૦૦ વર્ષથી પડ્યો તેનો પ્રથમવાર કૉમર્શિયલ ઉપયોગ કરનારા હીરાપારખું નવનીતભાઈ શાહના 'આશાપુરા' ગ્રુપની વિકાસગાથા **દેવચંદ છેડાની** કલમે.


## ધારણા કરતાં વધારે દરવધારો : વિશ્લેષકો

### ધિરાણ મોંઘું થશે, ઉદ્યોગને વિપરીત અસર : એસોચેમ/ફિક્કી

મુંબઇ, તા. ૨૭ જુલાઇ

ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ) દ્વારા નાણાકીય નીતિની પ્રથમ ત્રિમાસિક ગાળાની સમીક્ષા બાદ આજે જાહેર કરવામાં આવેલા નિવેદન સંબંધે રોયલ બૅન્ક ઓફ સ્કોટલેન્ડના સિનિયર અર્થશાસ્ત્રી ગૌરવ કપૂરે જણાવ્યું હતું કે આરબીઆઇનું પગલું ધાર્યા કરતાં વધારે આક્રમક છે. નાણાપ્રવાહને વધુ ચુસ્ત બનાવવામાં આરબીઆઇ એક પગલું આગળ વધી છે. જોકે, અત્યારે રેપો રેટ ઓપરેશન પોલિસી રેટ હોવાથી આ પગલાંની અસર મર્યાદિત રહેશે.

તેમણે કહ્યું હતું કે ફૂગાવાના જોરદાર દબાણ સાથે વૃદ્ધિની સુધરતી પરિસ્થિતીને કારણે આરબીઆઇને વધારે તાકિદ સાથે પગલાં લેવાની ફરજ પડી છે. આરબીઆઇએ વર્તમાન નાણાકીય વર્ષમાં પોલિસી રેટમાં વધુ ૫૦થી ૭૫ બીપીએસનો વધારો કરવો પડશે.

યસ બૅન્કનાં વડા અર્થશાસ્ત્રી શુભદા રાવે જણાવ્યું હતું કે દર વધારા સંબંધી પગલું આશ્ચર્યજનક નથી. મજબૂત વૃદ્ધિ વચ્ચે ફૂગાવામાં વધારા

#### ધિરાણનીતિના પ્રત્યાઘાત

તરફી વલણના સંદર્ભમાં નીચલા સ્તરે દરમાં વધારો કરવામાં આવ્યો છે. તેથી આગળ જતાં વ્યાજના દરમાં વધારો થશે. જોકે, આગળ જતાં પ્રવાહ વધુ સંકડાવાની અપેક્ષા મને નથી. નાણાકીય નીતિની આગામી સમીક્ષામાં રેપો તથા રિવર્સ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટ્સનો વધારો થશે, એમ મને લાગે છે.

આઇસીઆઇસીઆઇ સિક્યુરિટીઝ પ્રાઇમરી ડિલરશીપ લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ એ પ્રસન્નાએ જણાવ્યું હતું કે લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (એલએએફ) કોરિડોર સાંકડો થવાની અપેક્ષા અમને હતી અને તેમ કરવામાં આવ્યું છે. તે સૂચવે છે કે આરબીઆઇ વધતા ફૂગાવાથી ચિંતિત છે. આગામી નીતિ વિષયક સમીક્ષા સુધીમાં વધારો ૧૦૦ બેસીસ પોઇન્ટ્સ સુધી પહોંચવાની અમારી ધારણા છે. ૧૦ વર્ષના ૭.૮૦ ટકાના ૨૦૨૦ના બોન્ડની યિલ્ડ શુક્રવાર સુધીમાં ૭.૭૦ ટકા થઇ જવાની અમને અપેક્ષા છે.

આઇડીબીઆઇ બૅન્કના ચીફ ફાઇનાન્સિઅલ ઓફિસર પી સિતારામે જણાવ્યું હતું કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટસનો વધારો અપેક્ષિત હતો. રિવર્સ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઇન્ટ્સના વધારા મારફતે એલએએફ કોરિડોર સાંકડો બનાવવાનું પગલું થોડું આશ્ચર્યજનક છે. લોન પરના વ્યાજ દર નક્કી કરતાં પહેલાં બૅન્કોએ ફુગાવા અંગેની આરબીઆઇની સુધારિત

(અનુસંધાન પાનું ૨)

## રિલાયન્સ ઇન્ડ.નો ચોખ્ખા નફો ૩૩.૪૨ ટકા વધીને રૂ. ૪૮૫૧ કરોડ થયો

મુંબઇ, તા. ૨૭ જુલાઇ

મુકેશ અંબાણી જૂથની કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે (આરઆઇએલ) જૂન-૨૦૧૦માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળાનું પરિણામ જાહેર કર્યું છે. કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૩.૪૨ ટકા વધીને રૂ. ૪૮૫૧ કરોડ થયો છે. ગત વર્ષ સમાન સમયગાળામાં કંપનીએ રૂ. ૩૬૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

કંપનીનું ચોખ્ખું વેચાણ ૮૧.૬૫ ટકા વધીને રૂ. ૫૮,૨૨૮ કરોડ થયું હતું, જે ગત વર્ષે સમાન સમયગાળામાં રૂ. ૩૨,૦૫૫ કરોડ હતું. બજારની ધારણા મુજબનું આરઆઇએલનું પરિણામ આવ્યું છે.

આરઆઇએલની રિફાઇનિંગ રેવેન્યુ રૂ. ૨૪,૪૩૪ કરોડથી ૧૦૬.૮૧ ટકા વધીને રૂ. ૫૦,૫૩૧ કરોડ થઇ હતી, જ્યારે પેટકેમ રેવેન્યુ વાર્ષિક ધોરણે રૂ. ૧૧,૭૦૭ કરોડથી ૧૮.૮ ટકા વધીને રૂ. ૧૩,૯૦૩ કરોડ થઇ હતી.



મુકેશ અંબાણી

વ્યાજ અને કરની ચુકવણી પહેલાંનું પેટકેમ અર્નિંગ (ઇબીઆઇટી) રૂ. ૨૧૦૯ કરોડથી ઘટીને રૂ. ૨૦૫૩ કરોડ થયું હતું, જ્યારે રિફાઇનિંગ ઇબીઆઇટી રૂ. ૧૨૯૯ કરોડથી વધીને રૂ. ૨૦૩૫ કરોડ થયું હતું. પેટકેમ માર્જિન ૧૪.૮ ટકા, રિફાઇનિંગ માર્જિન ચાર ટકા અને ઑપરેટિંગ માર્જિન ૧૬ ટકા રહ્યું હતું, જ્યારે ગ્રોસ રિફાઇનિંગ માર્જિન પ્રતિ બેરલ ૭.૩ ડૉલર રહ્યું હતું. કંપનીનું ટર્નઓવર ૮૮.૧ ટકા વધીને રૂ. ૬૧,૦૦૭ કરોડ થયું હતું, જ્યારે નિકાસ ૧૦૩ ટકા વધીને રૂ. ૩૨,૮૪૯ કરોડની થઇ હતી.

કંપનીની કામગીરી સંબંધે પ્રતિભાવ આપતાં અધ્યક્ષ મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે ઊંચા ઑપરેટિંગ દરને કારણે કંપનીએ વધુ એક વખત વિક્રમી કામગીરી નોંધાવી છે અને અમારા તમામ બિઝનેસના માર્જિન્સમાં જોરદાર સુધારો નોંધાયો છે.

Advt.